દાખલ થયા તારીખ–૦૭/૦૬/૨૦૧૩
રજીસ્ટર થયા તારીખ–૦૭/૦૬/૨૦૧૩
જાહેર કર્યા તારીખ–૦૩/૧૦/૨૦૧૮
સમયઃ– વર્ષઃ ૦૫ માસઃ ૦૩ દિવસઃ ૨૬

સત્યमेव जयते

## <u>મે.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટ ડેડીયાપાડા, જી.નર્મદા</u>

**ક્રિમીનલ કેસ નંબર–૨૧૭/૨૦૧૩**
**આંક–**

ફરીયાદીઃ સરકારશ્રી

**વિરૂધ્ધ**

આરોપીઃ સવિતાબેન નટવરભાઈ વસાવા
રહે.સેજપુર, તા.દેડીયાપાડા, જી.નર્મદા

ગુનોઃ પ્રોહિબીશનની કલમ–૬૬ (૧)બી, ૬૫ (એ)(ઈ), ૧૧૬બી

---

ફરીયાદી તરફે વિ.વ.શ્રી એન.એ.તડવી
આરોપી તરફે વિ.વ.શ્રી સી.કે.પંડયા

---

## <u>જજમેન્ટ</u>

**(૧)** આ કામના ફરીયાદીની હકીકત એવી છે કે, આ કામના આરોપીબાઈએ તા.૨૯/૦૩/૧૩ ના રોજ મોજે સેજપુર મુકામે પોતાના અંગ કબજામાં બિયર બોટલ નં.–૩ કિ.રૂા. ૩૦૦/– નો પરપ્રાંતનો વિદેશી દારૂ રાખી પોલીસ પંચોની રેઈડ જોઈ નાસી જઈ પાછળથી મળી આવી પકડાઈ જઈ પ્રોહી એકટની કલમ–૬૬ (૧)બી, ૬૫ (એ)(ઈ), ૧૧૬બી મુજબનો ગુનો કરી. વિદેશી દારૂ પ્રોહી મુદ્દામાલ કબજે રાખી તે મુજબનુ તહોમતનામુ અત્રેની કોર્ટમાં રજુ કરવામાં આવેલ છે. આંક–૭ થી પ્લી લેતાં આરોપીએ સદર ગુનો ન કબુલતા ફરીયાદીએ ફરીયાદ આપતાં આ કામે નીચે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ છે.

**(૨)** ત્યારબાદ આરોપીને સદર કામે સમન્સ કાઢવામાં આવેલ અને આરોપી હાજર થતાં પોલીસ પેપર્સની નકલો પુરી પાડયા બાદ આરોપીનો જવાબ નોંધવામાં આવેલ. જેમાં આરોપીએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરતાં આરોપી વિરૂઘ્ધ આગળની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. જે દરમ્યાન ફરીયાદપક્ષ ઘ્વારા નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

**મૌખિક પુરાવાઃ–**

(૧) આંક–૧૦ થી પંચસાહેદ પીરૂભાઈ હુસેનભાઈની જુબાની
(૨) આંક–૧૨ થી પંચસાહેદ વિરસીંગભાઈ બાબુભાઈની જુબાની
(૩) આંક–૩૮ થી સાહેદ નિતિનભાઈ કાંતીભાઈની જુબાની
(૪) આંક–૪૯ થી ફરિયાદી અલ્પેશભાઈ ચંદુભાઈની જુબાની
(૫) આંક–૫ર થી ત.ક.અમલદાર મોતીભાઈ ઉદાભાઈની જુબાની

**દસ્તાવેજી પુરાવાઃ–**

(૧) આંક–૧૧ થી મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું
(૨) આંક–૫૦ થી અસલ ફરિયાદ

**(૩)** ઉપર મુજબનો પુરાવો રજુ થયા બાદ ફરીયાદપક્ષે આરોપી વિરૂઘ્ધ સી.આર.પી.સી.૩૧૩ અન્વયે આરોપીનાં વિશેષ નિવેદન માટે રાખવામાં આવેલ જે મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. ત્યારબાદ સરકારપક્ષે એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિ.વ.શ્રીની વિગતાવરની દલીલો સાંભળવામાં આવી.

## મુદ્દા

૧. શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, આ કામના આરોપીબાઈએ તા.૨૯/૦૩/૧૩ ના રોજ મોજે સેજપુર મુકામે પોતાના અંગ કબજામાં બિયર બોટલ નં.–૩ કિ.રૂા. ૩૦૦/– નો પરપ્રાંતનો વિદેશી દારૂ રાખી પોલીસ પંચોની રેઈડ જોઈ નાસી જઈ પાછળથી મળી આવી પકડાઈ જઈ પ્રોહી એકટની કલમ–૬૬ (૧)બી, ૬૫ (એ)(ઈ), ૧૧૬બી મુજબનો ગુનો કરેલ છે?

૨. શું હુકમ?

**(૪)** ઉપરોકત મુદાઓના મારા નિર્ણય નીચે મુજબ આપેલ છે અને તેના કારણો ત્યારપછીના આપેલ છે.

૧. નકારમાં,
૨. આખરી હુકમ મુજબ

## કારણો

**(૫)** સદર કામે ફરીયાદપક્ષ તરફેના મુદ્દામાલ કબજે કર્યાના પંચસાહેદ પીરૂભાઈ હુસેનભાઈ મોગલને આંક–૧૦ અને પંચસાહેદ વીરસીંગભાઈ બાબુભાઈ વસાવાને આંક–૧ર થી તપાસતા તેઓએ જણાવેલ છે કે, પોલીસે તેઓએ એક લખેલા તૈયાર પંચનામામાં કરાવેલી. જે સહી તેઓ ઓળખી બતાવે છે. આંક–૮ વાળા પંચનામામાં વિશે કોઈ જાત માહીતી નથી.

વિ.એ.પી.પી.શ્રીએ સદર પંચસાહેદને અદાલતની પરવાનગીથી હોસ્ટાઈલ જાહેર કરાવી ઉલટ તપાસ કરતા પંચસાહેદએ સદર કેસને સમર્થન આપે તેવી જુબાની આપેલ નથી. ત્યારબાદ આરોપી તરફેના વિ.વશ્રી મારફત સદર પંચસાહેદની ઉલટ તપાસ કરતા તેઓએ જણાવેલ છે કે, તેઓએ તૈયાર પંચનામામાં સહી કરેલી. તે સિવાય પંચનામા વિશે બીજી કોઈ હકીકત જાણતા નથી.

**(૬)** ફરીયાદપક્ષ તરફે સાહેદ નિતિનભાઈ કાંતીભાઈ બ.નં.૭૭૭ ને આંક–૩૮ થી તપાસતા તેઓએ જણાવેલ છે કે, તા.ર૯/૩/૧૩ ના રોજ પોલીસ સ્ટાફના માણસો સાથે ડેડીયાપાડા પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બાતમીદારની મળેલ બાતમીથી વાકેફ થઈ સેજપુર ગામે જતાં એક બેન ઘરની પાછળનાં વાડામાં પ્લાસ્ટિકની કોથળી હાથમાં રાખી ઉભા હતાં જે અમારી પોલીસની ગાડી જોઈ નાસવા લાગતાં તેનાં પર શક જતાં તેમને પકડવા માટે પાછળ દોડતાં પકડાયેલ નહિ અને હાથમાંની પ્લાસ્ટિકની કોથળી જમીન પર ફેંકી ભાગી ગયેલ જે પ્લાસ્ટિકની કોથળીમાં જોતાં ત્રણ બીયર કિ.રૂા. ૩૦૦/– મળી આવેલ. આ બાબતે તેમનો જવાબ લેવામાં આવેલો.

બચાવપક્ષના વિ.વ.શ્રી મારફતે ઉલટ તપાસ કરતા તેઓએ જણાવેલ છે કે, રેડમાં નીકળતા અગાઉ પો.સ્ટે.ડાયરીમાં તેમજ સ્ટાફના માણસોને સાથે રાખી કોઈ પ્રાથમિક પંચનામુ કરેલ નહી. રેડવાળી જગ્યાનીની આજુબાજુમાં ઘણા બધા મકાનો પણ આવેલ છે. સાહેદ

સ્વેચ્છાએ જણાવે છે કે ત્યાં વાડો પણ આવેલ છે. રેડવાળી જગ્યાનુ મકાન કોની માલીકીનુ છે તેની ખાતરી કરેલ નહી. તેઓ કબુલ કરે છે કે આરોપીની હાજરીમાં આવો કોઈ મુદ્દામાલ મળેલ નથી.

**(૭)** ફરીયાદપક્ષ તરફે ફરિયાદી અલ્પેશભાઈ ચંદુભાઈને બ.નં.૨૬૫ ને આંક–૪૯ થી તપાસતા તેઓએ જણાવેલ છે કે, તા.૨૯/૩/૧૩ ના રોજ પોલીસ સ્ટાફના માણસો સાથે ડેડીયાપાડા પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બાતમીદારની મળેલ બાતમીથી વાકેફ થઈ સેજપુર જતાં એક બહેન તેનાં ઘરનાં પાછળનાં ખુલ્લા વાડામાં પ્લાસ્ટીકનાં કોથળામાં કંઈક ભરી ઉભી રહેલ જે અમો તથા પંચોને જોઈ નાસી ગયેલ જેમને ઉભા રાખી પકડવા  માટે પાછળ દોડતાં પકડાયેલ નહિ અને હાથમાંની પ્લાસ્ટિકની કોથળી જમીન પર ફેંકી ભાગી ગયેલ જે પ્લાસ્ટિકની કોથળીમાં જોતાં ત્રણ બીયર કિ.રૂા. ૩૦૦/– મળી આવેલ. જેમાંથી એક બોટલ નમુના માટે કાઢી લઈ પંચનામાની વિગતે સીલ કરી તમામ મુદ્દામાલ કબજે કરેલો. જે મતલબનું પંચનામું કરી તેઓએ ફરિયાદ આપેલી. જે અસલ ફરિયાદમાં તેઓ તેમની સહી ઓળખી બતાવતાં તેને આંક–૫૦ આપવામાં આવેલ છે.

બચાવપક્ષના વિ.વ.શ્રી મારફતે ઉલટ તપાસ કરતા તેઓએ જણાવેલ છે કે, રેડમાં નીકળતા અગાઉ પો.સ્ટે.ડાયરીમાં તેમજ સ્ટાફના માણસોને સાથે રાખી કોઈ પ્રાથમિક પંચનામુ કરેલ નહીં. રેડવાળી જગ્યાનીની આજુબાજુમાં ઘણા બધા મકાનો પણ આવેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ત્યાં વાડો પણ આવેલ છે. રેડવાળી જગ્યાનુ મકાન કોની માલીકીનુ છે તેની ખાતરી કરેલ નહી. તેઓ કબુલ કરે છે કે મુદ્દામાલ રીકવર કર્યો તે વખતે આરોપી સ્થળ પર હાજર ન હતાં. તેઓ એ વાતનો ઈન્કાર કરે છે કે આરોપી પાસેથી કોઈ મુદ્દામાલ ન પકડાયેલ હોવા છતાં ખોટી ફરિયાદ કરી ખોટી જુબાની આપેલ છે.

**(૮)** ફરીયાદપક્ષ તરફે ત.ક.અમલદાર મોતીભાઈ ઉદાભાઈ બ.નં.૧૩૮૬ ને આંક–૫૨ થી તપાસતા તેઓએ જણાવેલ છે કે, તા.૨૯/૩/૧૩ ના રોજ પી.એસ.ઓ.શ્રીએ અલ્પેશભાઈ ચંદુભાઈની ફરિયાદ નોંધી આંક–૫૦ વાળી ફરિયાદ વંચાણે લીધેલ. ત્યારબાદ આગળની તપાસ તેઓએ સંભાળી લઈ લાગતાં વળગતાં સાહેદોનાં નિવેદનો લીધેલ તેમજ આરોપી વિરુધ્ધ પુરતાં પુરાવા જણાઈ આવતાં આરોપી વિરુધ્ધ ચાર્જશીટ કરેલ.

બચાવપક્ષના વિ.વ.શ્રી મારફતે ઉલટ તપાસ કરતા તેઓએ જણાવેલ છે કે, રેડમાં

નીકળતા અગાઉ પો.સ્ટે.ડાયરીમાં તેમજ સ્ટાફના માણસોને સાથે રાખી કોઈ પ્રાથમિક પંચનામુ કરેલ નહી. રેડવાળી જગ્યાનીની આજુબાજુમાં ઘણા બધા મકાનો પણ આવેલ છે. રેડવાળી જગ્યાનુ મકાન કોની માલીકીનુ છે તેની ખાતરી કરેલ નહી. તેઓ કબુલ કરે છે કે તેઓએ બીજા કોઈ સ્વતંત્ર સાહેદોનાં નિવેદન લીધેલ નથી. તેઓ એ વાતનો ઈન્કાર કરે છે કે આરોપી પાસેથી કોઈ મુદ્દામાલ ન પકડાયેલ હોવા છતાં ખોટી ચાર્જશીટ કરી ખોટી જુબાની આપેલ છે.

**(૯)** ઉપરોકત પુરાવાની છણાવટ કરીએ તો આ કામે પંચસાહેદને અદાલતની પરવાનગીથી હોસ્ટાઈલ જાહેર કરાવી ઉલટ તપાસ કરવા છતાં ફરીયાદપક્ષના કેસને સમર્થન મળે તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલી નથી અને આરોપી પાસેથી સદર મુદ્દામાલ પોલીસે પોતાની હાજરીમાં કબુલ કરેલ ન હોવાની કેફીયત આપેલ છે. સદર કેસમાં પોલીસ સાહેદો સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી. ફરિયાદપક્ષ તરફે ત.ક.અમલદાર તેમની જુબાનીમાં તેમણે જે મકાનમાં રેઈડ કરી તેની માલિકી અંગે દસ્તાવેજી પુરાવાથી કોઈ ખાતરી કરેલ નહિ. તેમજ સદર મુદ્દામાલ એ આરોપીની હાજરીમાં કબજે કરવામાં આવેલ નથી. વધુમાં સદર સાહેદ એ પોલીસ સાહેદ છે તેઓ રસ ધરાવતાં સાહેદ કહી શકાય. તે સીવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોને તપાસવામાં આવેલ નથી કે તેમનાં નિવેદનો નોંધવામાં આવેલ નથી. વધુમાં ફરીયાદપક્ષ તરફેના પંચસાહેદોએ જુબાનીમાં જણાવેલ છે કે, તેઓની રૂબરૂ કોઈ મુદ્દામાલ દારૂ પકડેલ હોય તેવુ બનેલ નથી જેથી ફરીયાદપક્ષની હકીકતને સમર્થન મળે તેવુ બનેલ નથી. આરોપીની મકાનની આજુબાજુમાં ઘણા બધા મકાનો હોવા છતાં અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી તેમજ ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. તેવા સંજોગોમાં સદર મુદ્દામાલ આરોપીનો જ હોવા બાબતે કોઈ સમર્થન મળતુ નથી જેથી હકીકત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિશંકપણે નિષ્ફળ ગયેલ હોય તેમ મારૂ માનવું હોય તેમજ ફોજદારી કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું માની **મુદ્દા નં.૧** નકારમાં ઠરાવી **મુદ્દા નં.૨** અન્વયે આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## :હુકમ:

આ કામના આરોપી સવિતાબેન નટવરભાઈ વસાવા રહે.સેજપુર, તા.દેડીયાપાડા, જી.નર્મદાનાઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૫ (૧) અન્વયે પ્રો.એકટની કલમ–૬૬(૧) બી, ૬૫

(એ)(ઈ), ૧૧૬(બી) મુજબના શિક્ષાપાત્ર ગુનાના તહોમતમાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

ક્રિમીનલ પ્રો.કોડની કલમ–૪૩૭ (એ) અન્વયે આરોપીએ ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન જામીનખત આખરી હુકમ વિરૂઘ્ઘ જો અપીલ કોર્ટમાં અપીલ દાખલ થાય તેવા સંજોગોમાં હાલના આરોપી અપીલ કોર્ટમાં હાજર રહે તે માટે ૬ માસની સમયમર્યાદા માટે આરોપીઓના જામીનખત તથા જતમુચરકા ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ બિયર બોટલ નં.–૩  નો અપીલ સમય વીત્યેથી કમીટી રૂબરૂ નાશ કરવાનો કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૩ જી, માહે ઓકટોબર, સને ૨૦૧૮ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૦૩/૧૦/૨૦૧૮**
**સ્થળઃ ડેડીયાપાડા**

**(યોગીની ભીખાભાઈ પટેલ)**
**જયુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**ડેડીયાપાડા, જી.નર્મદા**
**(જી.જે.૦૧૨૨૩)**